
## ડાયરેક્ટ ❤ સે

સાંભળ્યું છે કે
‘પ્લે સ્ટોર’માં
બધું મળે છે
ચાલો
વિખરાયેલા સંબંધો
સર્ચ કરીએ !!

## જન્મદિને વધામણી



વિવેક બ્રહ્મભટ્ટ
મો. ૭૪૦૫૧ ૧૧૯૫૯



શ્રીકેત ત્રિવેદી

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ૨૪મીએ લોકસાહિત્ય વિષયે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે લોક સાહિત્ય વિષયે રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન સી ચૌધરીએ જણાવ્યું છે કે ‘લોક સાહિત્ય : વિભાવના અને આસ્વાદ’ વિષયે આ પરિસંવાદ આગામી તા. ૨૪ માર્ચ, ૨૦૧૮ના રોજ યોજવામાં આવશે.

સવારે ૧૦થી ૧૨.૩૦ દરમિયાન ઉદ્‌ઘાટન બેઠક યોજાશે. અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા આ બેઠકમાં ઉદ્‌ઘાટક તરીકે અને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ડૉ. ઊર્મિલાબેન ચૌધરી આવકાર પ્રવચન આપશે અને ડૉ. હસુભાઈ યાજ્ઞિક લોકસાહિત્યની વિભાવના વિષયે બીજરૂપ વક્તવ્ય આપશે. બેઠકનું સંચાલન ડૉ. લીના સ્વાદિયા દ્વારા અને આભાર દર્શન ડૉ. રાકેશ આર પટેલ દ્વારા કરવામાં આવશે. ઉદ્‌ઘાટન બાદ પ્રથમ બેઠક ૧૨થી ૧ દરમિયાન યોજાશે, જેમાં ડૉ. રાઘવજી માધડ લોકવાઙ્‌મય સ્વરૂપ સંજ્ઞા વિષયે વક્તવ્ય આપશે. પ્રા. મુન્નાબેન ચૌધરી આ બેઠકનું સંચાલન અને ડૉ. મીના એસ વ્યાસ આભાર દર્શન કરશે.

દ્વિતિય બેઠક બપોરે ૨.૩૦થી ૪ દરમિયાન યોજાશે, જેમાં ભીખુદાન ગઢવી અને સાથી કલાકારો દ્વારા લોકગીત અને લોકકથાનું રસપાન કરાવવામાં આવશે. અંતે, ડૉ. સોનલ મોદી આભાર દર્શન કરશે.


# સે. ૬ શાક માર્કેટના સિંધી વેપારીઓ દ્વારા ચેટીચાંદ પર્વની ભાવપૂર્ણ ઉજવણી કરાઈ



સૅક્ટર-૬ શાક માર્કેટના સિંધી વેપારી મિત્રો દ્વારા સોમવારે સિંધી સમાજના નૂતન વર્ષ ચેટીચાંદની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી. વેપારી મિત્રોએ સાથે મળીને ભગવાન જુલેલાલની પૂજા-અર્ચના કરી હતી અને પ્રસાદની વહેંચણી પણ કરી હતી. આ પ્રસંગે આસપાસના તમામ રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાક માર્કેટના પ્રમુખ નરેન્દ્રસિંહ રાઠોડ, લકીભાઈ સિંધી, હરેશભાઈ, રમેશભાઈ, ગુરૂમુખભાઈ, રસિકભાઈ, સંજયભાઈ, ભોજુમલભાઈ, મહેશભાઈ, હિલેલભાઈ, સત્યમભાઈ, યુસુફભાઈ, રવિભાઈ, લાલભાઈ દરજી, કિશનભાઈ, જીતુભાઈ, ગલાભાઈ, ઈકબાલભાઈ, પ્રિતમભાઈ, ઉસ્માનભાઈ, સત્યમભાઈ સોની, ઐયુબભાઈ, કમલેશભાઈ તથા ધર્મેશભાઈ ઠાકોર (પ્રમુખ, ઠાકોર સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ) આ પ્રસંગે ઉપસ્થિત રહી જુલેલાલના પૂજનમાં જોડાયા હતા.

### વાર્તાયન - પર્વ : ૩ માં

# પ્રજ્ઞા પટેલ અને જિજ્ઞાસા પટેલનું વાર્તાપઠન યોજાયું






ગાંધીનગર, તા. ૧૯

આવતીકાલના વાર્તાકારો માટેના વાર્તામાસિક “મમતા” અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી ટૂંકીવાર્તા ક્ષેત્રે નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી શરું કરવામાં આવેલ “ વાર્તાયન “પર્વ – ૩ની બેઠક તા. ૧૮, માર્ચ, ને રવિવારે સાંજે પાંચ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે પ્રાસંગિક વાત કરતા સૌ સર્જકો તથા ભાવકોને આવકાર્યા હતા, વાર્તાયનની આ બેઠકમાં શ્રી પ્રજ્ઞા પટેલએ પોતાની મૌલિક વાર્તા “ સરકસ“ અને જિજ્ઞાસા પટેલે પોતાની “ રોલ, એકશન, કેમેરા “ વાર્તા વાંચી હતી. આ બન્ને વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા – સમીક્ષા કરવામાં આવી હતી. આ બન્ને વાર્તાઓ બિલકુલ નવો વિષય અને કલ્પના લઈને આવતી હોવાથી સૌએ પસંદ કરી હતી. અને બન્ને લેખિકાઓને કેટલાક સૂચનો પણ કરવામાં આવ્યા હતા. બધાની ચર્ચાને અંતે શ્રી કલ્પેશ પટેલે બન્ને વાર્તાઓની સમીક્ષા અને વાર્તાતત્વની વાત કરી હતી. આ બેઠકમાં મમતાના તંત્રીશ્રી એ.વી.ઠાકર, ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી, ડૉ. હસમુખ નાયક, શ્રી પુલક ત્રિવેદી, ધર્મેન્દ્ર ત્રિવેદી, શ્રી પ્રવીણ ગઢવી, ધારિણી સોલંકી, પ્રો. સંજય પટેલ, પ્રવીણ શ્રીમાળી, કિશોર જિકાદરા, કોકિલા ભટ્ટ, અમૃત ઠાકોર, દિશા વડગામા, શ્રી સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, રોહિણી પરમાર, એન. પી. થાનકી, ઉત્સવ પરમાર, ઉપેન્દ્ર ત્રિવેદી, હસમુખ બોરાણિયા, વિલાસ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે. દર મહિનાના ત્રીજા રવિવારે યોજાતા આ વાર્તાયન પર્વમાં હાજર રહેવામાં જેમણે રસ હોય તેઓએ સંયોજકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટ (૯૪૨૬૦ ૬૦૬૦૧)નો સંપર્ક કરવો.

# અમદાવાદમાં સિંધી સમાજની શોભાયાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

સિંધી સમાજે પોતાની ભાષા, સંસ્કૃતિ, સભ્યતા જાળવી રાખીને દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે. સિંધી સમાજ ‘સિંધુ દર્શન‘ માટે ગુજરાત સરકારની જે સબસિડી છે, તેનો લાભ પણ લે, એમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રવિવારે ચેટીચંડ સિંધી ફેસ્ટિવલ કલ્ચરલ કમિટી, ચેટીચંડ ડે કમિટી અને ચેટીચંડ મેલા કમિટીના સંયુક્ત ઉપક્રમે સિંધી સમાજના નવા વર્ષ, ચેટીચંડ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવીને જણાવ્યું હતું. આ પ્રસંગે સિંધી સમાજનાં સંતો સાંઈ સંજયકુમાર અને સંત મોનુરામજી પણ ઉપસ્થિત હતા. આ શોભાયાત્રામાં બહેરાણા સાહેબ, ૧૦૦થી વધુ ટ્રક, ઊંટગાડી જોડાઈ હતી. આ શોભાયાત્રામાં જુદી-જુદી શણગારેલી ઝાંખીઓ રહી હતી. અખાડિયનોએ અંગ-કસરતનાં નિદર્શન કર્યું હતું, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

## સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે ૨૫મીએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની વાર્ષિક બેઠક

ગાંધીનગર, તા. ૧૯

સરકારી વિજ્ઞાન કોલેજ ,સે-૧૫ ખાતે કૉલેજના આચાર્યના અધ્યક્ષ સ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની ભુતપૂર્વ વિદ્યાર્થીઓની વાર્ષિક મીટીંગ તારીખ-૨૫/૩/૧૮ના રવિવારના રોજ બપોરના ૧૨-૦૦ થી ૧-૩૦ કલાકે રાખવામાં આવી છે. આ પ્રસંગે કોલેજના તમામ ભુતપૂર્વ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા કૉલેજ પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસાવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**
**- સંપાદક**

## ઈસ્કોન મંદિર ખાતે રામનવમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

શહેરનાં ઈસ્કોન મંદિર, એસ. જી. હાઈવેનાં ૨૧મા પાટોત્સવ અને રામનવમી પર્વની ઉજવણી નિમિત્તે તા.૧૯મીથી તા.૨૫ માર્ચ દરમિયાન વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. ઈસ્કોન મંદિર, અમદાવાદનાં અધ્યક્ષ જશોમતિનંદનદાસજીએ જણાવ્યું હતું કે ઈસ્કોન મંદિરના ૨૧મા પાટોત્સવ અને રામનવમી ઉત્સવની ઉજવણીનાં ભાગરૂપે આ સમગ્ર આયોજન કરાયું છે. જે અંતર્ગત સોમવારે સાંજે ૫ વાગ્યે દક્ષિણ બોપલથી નીકળીને ઘુમા ગામના પુરુષોત્તમધામ મંદિર ખાતે પૂર્ણ થશે. મંગળવારે સાંજે ૫ વાગ્યે યાત્રા નીકળશે એ કાંકરિયા હનુમાનજી મંદિર, સોલા રોડથી નીકળીને ઈસ્કોન મંદિર ખાતે પૂર્ણ થશે.

### આત્મન ફાઉન્ડેશનના સહયોગથી

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લામાં સેવાકાર્ય



આત્મન ફાઉન્ડેશનના સહયોગથી શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લાના સુનોક, ગડાદર તથા ખારીમાં ૧૩૨ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખા તથા ૧ કિગ્રા ગોળનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૨ બહેનોને નજીકની નજર સ્પષ્ટ કરવા માટે ચશ્માનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



અસાલ, વજાપુરમાં બાળકોને નાસ્તો તથા પેન્સિલ અને સુરપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નવાં કપડાં આપવામાં આવ્યાં હતાં. આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ, શ્રી ગજાનન સેવા સમિતિના ગજાનન ભાવે, મિલિન્દભાઈ, યોગેશભાઈ તથા ભીમજીભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ‘ઉત્સવ’થી દુનિયાને ભારતના ભોજનમાં સંસ્કૃતિની સોડમનો અહેસાસ કરાવનારા વિરલાની કહાની



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

‘સ્વાદ’ શબ્દ સરસ છે. ભોજનનો ‘સ્વાદ’ હોય કે જીવનનો ‘સ્વાદ’ હોય, ‘સ્વાદ’ની લાગણી હંમેશા મોજ આપે છે. ‘સ્વાદ’ની સોહામણી તાકાતને ઉજાગર કરતી એક કલીપ યુ-ટ્યુબ પર હમણા હમણા જબરી વાયરલ થઈ છે. જો કે આ કલીપમાં મૂળ વાત તો સ્વાભિમાન અને સ્વની ઓળખના સત્કારની છે, પણ એના પાયામાં જીભનો ચટાકો છે. ભારતથી માંડીને અમેરિકા અને બ્રિટનના રાજઘરાના સુધી જેની રેસીપીની ચર્ચા છે, શાહરૂખથી માંડીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બરાક ઓબામા - પોપથી માંડીને બ્રિટનની ક્વીનને જેણે સ્વાદસભર ભોજન કરાવ્યું છે, એવા હિન્દુસ્તાનના પંજાબી પુત્તર વિકાસ ખન્નાની આ મજેદાર વાત છે. વિકાસ ખન્ના દુનિયાનો ‘સેલિબ્રિટી શેફ’ છે.

રાઈટર, ડાયરેકટર, પ્રોડ્યુસર, ફિલ્મ મેકર એન્ડ વ્હોટ નોટ... ઘણા ક્ષેત્રોમાં વિકાસ ખન્નાએ ગજબનું ખેડાણ કર્યું છે. ‘ઉત્સવ’ પુસ્તક અને ‘હોલી કિચન્સ’ ડોક્યુમેન્ટરીથી આ પંજાબી પુત્તરની દુનિયાભરમાં નામના અને ચાહના છે. આ ડોક્યુમેન્ટરી કોઈ સામાન્ય ડોક્યુમેન્ટરી નથી, વ્હાઈટ હાઉસથી માંડીને ઓક્ષફોર્ડ અને હાર્વર્ડથી માંડીને પ્રિસ્ટન જેવી વિશ્વના ‘ટોપ મોસ્ટ ઈંટેલિજંટ ફ્લોર’ ઉપર આ ડોક્યુમેન્ટરી દુનિયાના પ્રબુદ્ધોએ જોઈ છે. ભાઈચારા અને સૌહાર્દની ભારતીય સંસ્કૃતિને વિકાસ ખન્નાએ આ ડોક્યુમેન્ટરી અને પુસ્તકમાં કેન્દ્રસ્થાને રાખી છે. એની સ્ટોરીની શરૂઆત જ ‘લંગર’ જમણના પંગતના વિષયથી થાય છે. સાથે બેસીને વહેંચીને ભોજન લેવાની અને ભોજન કરાવવાની પૌરાણિક હિન્દુ ગુરુઓની પરંપરામાં હૃદયની ઊર્મિઓની ભાવનાને એક્સ્ટ્રા ઓર્ડિનરી રીતે વિકાસ ખન્નાએ ઉજાગર કરી છે. દુનિયાભરના ગોરા અને કાળા લોકોને ભારતના ભોજનનો સ્વાદ અને સંસ્કૃતિનો થયો છે.

વિકાસ જ્યારે આ ડોક્યુમેન્ટરી અને પુસ્તક માટે સ્ક્રીપ્ટ રાઈટીંગ કરતો હતો તે વેળાનો રૂવાડા ખડા કરી નાખે એવો એક કિસ્સો છે. રૂમમાં બેસીને વિકાસ જ્યારે લખવાનું કામ કરતો હતો ત્યારે એક સાથી ગોરા અમેરિકને એને પૂછ્યું કે ‘હેઈ બડી, વોટ યુ આર રાઈટીંગ ?’ વિકાસે એને ‘હોલી કિચન્સ’નો વિષય કહ્યો. ત્યારે, એ અમેરિકન બોલ્યો ‘યુ રાઈટ એનીથીંગ બટ, આઈ વીલ રાઈટ ટેન ટાઈમ્સ બેટર ધેન યુ...’ એટલે કે ‘તારા કરતાં દસ ગણું સારું હું લખી શકું છું.’ વિકાસને આશ્ચર્ય થયું અને પૂછ્યું, ‘કેમ, હું અમેરિકન અંગ્રેજીમાં નથી ભણ્યો એટલે ?’ ત્યારે પેલા અમેરિકન સાથીએ કહ્યું, ‘ના, તારી ચામડીના રંગને કારણે તું ક્યારેય અમારાથી સારું ન લખી શકે.’ વિકાસને થયું કે, ચામડીનો રંગ તો ઈશ્વરે આપેલી મૂલ્યવાન બક્ષીસ છે. ચામડીનો રંગ જ માનવીની સાચી ઓળખ છે. કાળી કે ઘઉંવર્ણી ચામડી શરમનો વિષય નથી, એ જ તો અસલ ઓળખ છે. ચામડીની ઓળખ ક્યારેય નીચે નથી પાડતી. ચામડીના રંગની ઓળખ તો માનવીને ઉપર ઉઠાવવાનું કામ કરે છે.

વિકાસના ‘ઉત્સવ’માં ભાતીગળ ભારતના જુદા જુદા અદભુત શેડ છે. એમાં ભારતના તહેવાર, વહેવાર, સંસ્કૃતિ, સંસ્કાર, ઓળખ, પ્રાર્થના, ભાષા, પહેરવેશ, અમીરી, ગરીબી વગેરેની ઓળખનો મજાનો ઉત્સવ છે. આ બધા પાસાંઓને એવી અનોખી રીતે પુસ્તકમાં ઉજાગર કરવામાં આવ્યા છે કે, વ્હાઈટ હાઉસમાં બરાક ઓબામા, ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, યુએસના પૂર્વ પ્રમુખ બીલ ક્લીન્ટન, વિશ્વના યુવા હૃદયોની ધડકન ટેકનોક્રેટ ફેસબુકજનક ઝકરબર્ક, બકહ્નગહામ પેલેસના ક્વીન અને પોપ જેવા મહાનુભાવોને પણ મનલુભાવન લાગ્યા. વિશ્વના આવા પ્રબુદ્ધ અને મેધાવી વ્યક્તિત્વોને વિકાસે જ્યારે ‘ઉત્સવ’ અર્પણ કર્યું ત્યારે ભારતના સંસ્કાર અને સંસ્કૃતિને વિશ્વના મંચ ઉપર સ્થાન મળતા પ્રત્યેક હિન્દુસ્તાનીની છાતી ગજ ગજ ફુલી. વર્ષ ૨૦૦૫માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આ પુસ્તક રીલીઝ થયું. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પહેલીવાર કોઈ પુસ્તક રીલીઝ થયું હતુ.

અમૃતસરના એક પંજાબી સંયુક્ત કુટુંબમાં વાંકા પગ સાથે જન્મેલો વિકાસ બાળપણમાં શાળા અને શેરીમાં હાંસીનુ પાત્ર બન્યો. વાંકા પગને કારણે એ બીજા બાળકો જેવી રીતે ન વર્તી શકતો. ડોકટરોએ એની ‘બીજી’ને કહ્યું, વિકાસ અન્ય બાળકો સાથે ક્યારેય રમી-દોડી નહીં શકે. પંજાબીમાં માને ‘બીજી’ કહે છે. પણ પાછી પડે એ પંજાબણ શાની. ‘બીજી’તો ડોકટરને કહેતી એને દોડવાનું ક્યાં છે, એને તો ઉડવાનું છે. ‘બીજી’ એક પછી એક ડોકટરોને બતાવતી ગઈ. વિકાસના ઓપરેશન કરાવતી ગઈ. ‘બીજી’ની શ્રદ્ધા અને ઈશ્વરની કૃપા કામ કરી ગઈ. વાંકા પગવાળો વિકાસ બિલકુલ સ્વસ્થ અને તંદુરસ્ત પગવાળો સ્માર્ટ પંજાબી મુંડો બની ગયો.

વર્ષ ૨૦૦૦માં નવા સપના અને અરમાનો સાથે યુવાન વિકાસ ખન્ના અમેરિકામાં પહોંચ્યો. પરદેશમાં પગ જમાવવાનું આસાન ન હતું. સફાઈ, વાસણ માંજવા, નાના-મોટા ઈવેન્ટ મેનેજ કરવા જેવા કામ એણે કર્યા. લગભગ ૩૧ જેટલી નોકરીઓ વિકાસે અમેરિકામાં કરી. છેલ્લે જે અમેરિકન ગોરાને ત્યાં એ નોકરી કરતો હતો ત્યાં તેના હાથ ઉપર કોઈપણ કારણ વગર અમેરિકન ગોરાએ મારવાની કોશિષ કરી, પણ હાથ ખસેડી લેતાં વિકાસને કોઈ ગંભીર ઈજા ન થઈ. અને બસ ત્યારથી વિકાસે એ નોકરી છોડી દીધી. એણે મનોમન સોગંદ લીધા કે, હવે હું કંઈક કરીને બતાવીશ. અને બસ... ત્યારથી ‘ઉત્સવ’ પુસ્તકના બીજ નંખાઈ ગયા. અહીં યાદ આવે છે, ૧૮૯૩માં સાઉથ આફ્રિકાના પીટ્સબર્ગ રેલવે પ્લેટફોર્મ ઉપર રેલવે કંડકટરે એક વ્યક્તિને નીચે ફેંક્યો એ ઘટનાની. નીચે ફેકાયેલો વ્યક્તિ દુનિયાભરમાં મહાત્મા ગાંધી તરીકે ઓળખાયો અને નીચે ફેંકનારા એ ગોરા રેલવે કન્ડકટરનું નામ આજે દુનિયામાં તો શું એના ગામમાં પણ કોઈને ખબર નથી. બસ, એ જ રીતે વિકાસને હાથ ઉપર મારવા જતાં પેલા ગોરાનું નામ આજે ન વિકાસને યાદ છે, કે દુનિયામાં એ ગોરાનો કોઈને ખ્યાલ છે. પણ ‘ઉત્સવ’, ‘હોલી કીચન્સ’ અને વિકાસ દેશ-દુનિયામાં ડંકો વગાડે છે.

ઓગસ્ટ ૨૩, ૨૦૦૫ના રોજ વિકાસના જીવનમાં સોનેરી સૂરજ ઉગ્યો. ‘જેમ્સ બીયર્ડ હાઉસ’ કે જે રેસીપીની દુનિયામાં ‘ઓસ્કર’ લેવલનું સ્થાન ધરાવે છે, એ ઈવેન્ટમાં વિકાસને ‘જેમ્સ બીયર્ડ’ એવોર્ડ મળ્યો. રાતોરાત યુએસ સહિત વિશ્વભરના રેસીપી વર્લ્ડમાં વિકાસનો ફ્રેશ ચહેરો ફેમસ થઈ ગયો. પછી તો એ અમેરિકાની જાણીતી યુનિવર્સિટીમાં ‘રીલીજીયન ઓફ ફુડ’ વિષય ઉપર સંશોધન અભ્યાસ કરવા ગયો. ‘ઉત્સવ’ પુસ્તકની જર્ની અહીં પૂરપાટ ઝડપે આગળ વધી.

આજે તો આ ઈન્ટનેશનલ ફેઈમ શેફ વિકાસ ખન્નાની રસોઈ ખાઈને દુનિયા આખી આંગળા... સોરી, સ્પુન અને ફોર્ક ચાટે છે. ન્યુયોર્કના પોશ એરિયામાં વિકાસની ‘મિશન ઈન સ્ટાર’ રેસ્ટોરન્ટના સ્વાદની ગજબની બોલબાલા છે. મોટી મોટી સેલિબ્રિટીઝ ‘મિશન ઈન સ્ટાર’માં ફૂડ લેવાનું ગૌરવ અનુભવે છે. જે બાળક ક્લેપફીટ સાથે શેરી અને શાળામાં બીજા બાળકોથી ખૂબ તરછોડાયો અને જેને ગોરાઓએ ખૂબ હ્યુમિલીયટ કરવાનો એક પણ મોકો ન છોડ્યો, એવા વિકાસ ખન્નાએ દુનિયામાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી. હાથ ઉપર મારવાની કોશિષ કરવાવાળો અમેરિકન પેલા રેલવેના કંડકટરના રૂપમાં વિકાસની જિંદગીમાં આવ્યો હતો. દુનિયા જ્યારે દબાવે ત્યારે સહનશક્તિ વધુ નિખાર લાવતી હોય છે. દરેકના જીવનમાં ‘વર્ષ ૧૮૯૩’ અને ‘ધક્કો મારતો રેલવે કંડકટર’ આવતો હોય જ છે. માત્ર સ્થળ, સંજોગ, સંદર્ભ અને વ્યક્તિ જુદા હોય છે.

**ધબકાર**

પોતાની ઓળખનુ ગૌરવ ન હોવાને કારણે આપણામાંના ઘણાને ખ્યાલ આવતો નથી કે, આપણે કેટલા શક્તિશાળી છીએ અને આપણી તાકાત કેટલી અમાપ છે.







